# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવિકે), વ્યારા ખાતે ખેડૂતોની આવક વધારવા 'મશરૂમની ખેતી દ્વારા ઉદ્યોગ સાહસિકતા વિકાસ' વિશેની તાલીમો યોજાઈ

આપણો ભારત દેશ એ વસ્તીમાં ચીન પછી બીજા ક્રમે આવતો દેશ છે. આપણી વધતી જતી વસ્તીને પૂરતો ખોરાક પુરો પાડવોએ કૃષિ વૈજ્ઞાનિકો માટે ચિંતાનો વિષય રહયો છે. અને ભારત જેવા વિકાસશીલ દેશોમાં કુપોષણ ખાસ કરીને ખોરાકમાં પ્રોટીનની અછતએ મુખ્ય સમસ્યા છે. હાલમાં આપણાં દેશનું સ્થાન પ્રોટીનના ઉપયોગની બાબતમાં અન્ય દેશોની સરખામણીએ ખુબજ પાછળ છે. બીજુ ભારત કૃષિ પ્રધાન દેશ હોવાથી વર્ષે લગભગ ૩૫૦ કરોડ ટન જેટલી કૃષિની ઉપપેદાશ/કૃષિ અવશેષો જેવા કે ઘઉંની પરાળ, ડાંગરની પરાળ, શેરડીની બગાસ, વિગેરે ઉત્પન્ન થાય છે. જેમાનો અડધો અધડ જથ્થો વપરાયા વગરનો પડી રહે છે અને આવા કચરાનો નાશ કરવો એ પણ એક મોટી સમસ્યા છે. ઉપરોકત સંદર્ભનાં મશરૂમની ખેતી એ ઉપરના બંને પ્રશ્નોને હલ કરી શકે છે. મશરૂમની ખેતી એ ખુબ જ ઉપયોગી બાયો ટેકનોલોજીકલ પ્રક્રિયા છે. જેમાં પાકના નકામાં અવશેષોને ગુણવત્તાયુકત ખોરાક બનાવવામાં ઉપયોગ કરી શકીએ છીએ.

તાપી જિલ્લાના ખેડૂતોને મશરૂમની ખેતી વિશે જાણકારી મળે તે હેતુથી ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર(કેવિકે) વ્યારા  ખાતે આત્મા પ્રોજેક્ટ, તાપી અને કેવીકેના સંયુકત ઉપક્રમે તા. ૨૩ અને ૨૪, તા. ૨૭ અને ૨૮, તા. ૨૯ અને ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ બે દિવસીય મશરૂમની ખેતી વિશેની ત્રણ તાલીમોનું આયોજન કરવામાં આવેલ હતું. કેવીકેના વડા ડૉ.સી.ડી.પંડયાએ ખેડૂતોને મશરૂમની ખેતી અપનાવી નવી ટેકનોલોજીનું ઉપયોગ કરી મશરૂમની ખેતી દ્વારા વધારાની આવક મેળવવા માટે પ્રોત્સાહન આપેલ હતું. હાજર રહેલ ખેડૂતોએ આજુબાજુનાં બીજા ખેડૂતોને પણ મશરૂમની ખેતીમાં જોડાવવાં માટે તેમને હાકલ કરી હતી. સદર તાલીમો અંતર્ગત કેવિકેના પાક સંરક્ષણના વૈજ્ઞાનિક, ડૉ. સચિન એમ. ચવ્હાણ દ્વારા મશરૂમની ઉપયોગીતાઓ, ગુજરાતમાં મશરૂમની ખેતીની તક, ભારતમાં ઉગાડવામાં આવતી વિવિધ મશરૂમની જાતો, તેના ઉત્પાદન માટે અનુકૂળ વાતાવરણ, ઉછેર પધ્ધતિ વિશેની વિસ્તૃત માહિતી તેમજ મશરૂમની ખેતીમાં સફળ થયેલ ખેડૂતોના દાખલાઓ સાથેની માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. સાથે સાથે  ઢીંગરી મશરૂમ (ઓઈસ્ટર) ઉગાડવા માટે પધ્ધતિ નિદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને ડાંગરના પરાળના ટુકડા કરવાના, પરાળના ટુકડાને જંતુ મુકત કરવાની પધ્ધતિ, મશરૂમના બિયારણ અને પરાળના ટુકડાને પ્લાસ્ટિક બેગમાં ભરવાની પધ્ધતિ વિશે પ્રેકટીકલ દ્વારા માહિતગાર કર્યા હતા. ખેડૂતોને કેવિકે ખાતે સ્થાપીત જીવંત મશરૂમ નિદર્શન એકમની મુલાકાત પણ કરવામાં આવેલ હતી. સદર તાલીમોમાં તાપી જિલ્લાના  વિવિધ ગામડાઓમાંથી કુલ ૧૩૮ ભાઈ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. મશરૂમની ખેતી વિશે વધુ માહિતી અને તાલીમ લેવા માટે કેવિકે વ્યારાનો સંપર્ક કરવો.


28/01/2020 Mushroom training
મશરૂમ યુનિટ


Mushroom training 28/01/20